સ્થિરતા અષ્ટક: શ્લોક - ૫

સ્થિરતા વાઙ્મનઃકાયૈઃ યેષામઙ્ગાઙ્ગિતાં ગતા
યોગિનઃ સમશીલાસ્તે, ગ્રામેઽરણ્યે દિવા નિશિ

<u>શ્લોકાર્થ</u>: વચનની સાથે, મનની સાથે અને ક્રિયાની સાથે જે મહાપુરુષોમાં સ્થિરતા એકમેકપણાને પામી છે તે યોગી પુરુષો ગામમાં અને અરણ્યમાં, દિવસે અને રાત્રે સમ-સ્વભાવવાળા જ હોય છે.

<u>ભાવાર્થ</u>:
મારા આત્માના ગુણો એ જ મારું સ્વરૂપ છે એવી પાકી શ્રદ્ધા, આવું જ નિશ્ચયાત્મક જ્ઞાન અને આ ભાવમાં જ રમણતા, આમ <u>આ ત્રણે ગુણોની એકતા તે સ્થિરતા.</u> આવી સ્થિરતા જે મહાત્માઓના મન-વચન-કાયામાં એકમેકપણાને પામી છે, ક્યાંય બહારના પરપદાર્થમાં મારાપણું લાગતું જ નથી તે યોગી પુરુષો સર્વત્ર સમસ્વભાવવાળા હોય છે, પછી ગામ હોય કે જંગલ હોય, દિવસ હોય કે રાત હોય... પોતાનો આત્મા એ જ <u>સ્વદ્રવ્ય</u>, પોતાના આત્માના જે અસંખ્ય આત્મપ્રદેશો એ જ <u>સ્વક્ષેત્ર</u>, પોતાના આત્મામાં રહેલું ત્રૈકાલિક (ત્રણે કાળમાં) ધ્રુવત્વ એ જ <u>સ્વકાલ</u> અને પોતાના આત્મામાં રહેલી અનંતગુણોની સંપત્તિ એ જ <u>સ્વભાવ</u>.

આ પ્રમાણે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવ એ પોતાના આત્માનું સ્વરૂપ છે.

શંકા: સ્વદ્રવ્ય શું છે?

સમાધાન: હું જડ દ્રવ્ય રૂપે છું અજડ દ્રવ્ય રૂપે નહિ. હું પુદ્ગલ દ્રવ્ય પણ નથી. હું પુદ્ગલ દ્રવ્યવાળો છું એવી ભ્રાંતિ થઈ છે પણ વાસ્તવમાં હું પુદ્ગલદ્રવ્ય નથી. મારો આત્મા એ જ સ્વદ્રવ્ય

શંકા: સ્વક્ષેત્ર શું છે?

સમાધાન: હું સ્વ-ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશોવાળો છું. અરૂપી દ્રવ્ય છું. વર્તમાનમાં આપણે પરક્ષેત્રમાં રહ્યા હોઈએ તેથી "પર" નો જ બહોળો ઉપયોગ આવે છે.

મારા તમામ પ્રદેશો અક્ષય છે, અરૂપી છે, અગુરુલઘુ અને અવ્યાબાધ સ્વરૂપવાળા છે.

આપણે આપણામાં જાગતા નથી માટે મોત આસાનીથી પ્રવેશ કરી શકે છે, નહીં તો મોતની તાકાત નથી કે અંદર પ્રવેશી શકે. પોતાના અસ્તિત્વની રુચિ થઈ જાય તો મરણાદિ ભય જીતી જાય અને સ્વની પ્રતીતિ રૂપે ધારે કે હું અસંખ્ય પ્રદેશી છું, અખંડ છું, અક્ષય છું. કોઈપણ શસ્ત્રથી તેનું છેદન-ભેદન થઈ શકે એમ નથી. જે પીડા છે તે પુદ્ગલનો કારણે છે. આત્મામાં પીડા નથી. જો આ અરૂપી ક્ષેત્રની રુચિ થઈ જાય તો ભય અંતરમાં પ્રવેશી ન શકે. માટે યોગીઓ જંગલમાં વિકરાળ પ્રાણીઓ વચ્ચે નિર્ભય થઈને કાઉસગ્ગ ધ્યાનમાં ઊભા રહે છે.

અરૂપી ભાવ પકડશો તો ભય ટળશે. સ્વરૂપનું જ્ઞાન નથી માટે ભયની ભૂતાવળ સતાવે છે. સ્વરૂપનો નિર્ણય થઈ જાય તો આત્મા નિર્ભય થઈ જાય છે.

શંકા: સ્વકાળ શું છે?

સમાધાન: જ્ઞેયમાં (વસ્તુમાં) થતું જ્ઞાન પરિવર્તનશીલ હોય છે, કેમકે તે પર્યાય સ્વરૂપે બદલાયા કરે છે. પર્યાય હંમેશા પરિવર્તનશીલ હોય છે અને દ્રવ્ય હંમેશા શાશ્વત હોય છે.

પાણીથી ભરેલો ઘડો હતો ત્યારે ઘડા તરીકેનું જ્ઞાન થયું. કોઈએ ઘડાને પત્થર માર્યો ને તે તૂટી ગયો તો આપણા જ્ઞાનમાં તે ઠીકરા તરીકે આવ્યો. જેમ જેમ કાળ બદલાયો તેમ તેમ પર્યાયો બદલાયા, તેમ તેમ જ્ઞાન પણ બદલાયું. આ અવસ્થાઓ આવી. કાળ બદલાય છે તેમ હું બદલાય છે પણ મારું અસ્તિત્વ તો સદાય છે.

શંકા: સ્વભાવ શું છે?

સમાધાન: હું જ્ઞાનાદિ ગુણોના સ્વભાવવાળો છું, તે સિવાયનું બધું જ પર છે. મન-વચન-કાયાની સ્થિરતા આત્મામાં થઈ જાય છે તો આત્માને વન, જંગલ, સ્મશાન, ગામ બધું જ સમાન થઈ પડે છે. તેવો સામ્યભાવ જેનામાં આવી ગયો તે યોગી છે. યોગી પુરુષો ૨૨ પરિષહો (કુદરતી આફતો) સમભાવે સહન કરે છે. યોગ એ બંધન છે માટે યોગના બંધનથી છૂટવા માટેના ઉપયોગમાં જેઓ રહેનાર છે તે જ વાસ્તવિક યોગી છે. તેઓ જગતને જુએ, જાણે અને સ્વીકારે છે. યોગી સમૂહમાં રહે તો પણ રાગ-દ્વેષ ન થાય, કારણ બધાને પર માન્યા છે. જો અરણ્યમાં (જંગલમાં) રહે તો પણ એને કાંઈ વાંધો નથી કારણ એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવમાં રહે છે. અંદર-બહાર બધું જ સમાન છે માટે વિષમભાવ આવતો નથી.

સ્થિરતા અષ્ટક : શ્લોક - ૬

સ્થૈર્યરત્ન પ્રદીપશ્ચેદ્ દીપ્રઃ સંકલ્પદીપજૈઃ
તદ્ વિકલ્પૈરલં ધૂમૈ, રલં ધૂમૈસ્તથાશ્રવૈઃ

શ્લોકાર્થ:

જો સ્થિરતારૂપ રત્નદીપક સદા દેદીપ્યમાન છે તો સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થયેલા વિકલ્પરૂપ ધૂમાડાનું શું કામ છે? તથા અત્યંત ધૂમ-મલીન એવા પ્રાણાતિપાતાદિક આશ્રવોનું પણ શું કામ છે?

ભાવાર્થ:

મહાત્મા પુરુષના હૃદયમાં "સ્થિરતા" રૂપી રત્નનો દીપક દેદીપ્યમાન છે કે જેમાંથી વિકલ્પો રૂપી ધૂમાડા દેતા નથી. અસ્થિરતા રૂપી સંકલ્પ એ કોડીયાનો દીપક છે કે જેમાંથી વિકલ્પોરૂપી ધૂમાડા દીધા વિના રહેતા નથી. રત્નરૂપી દીપક પ્રગટે ત્યારે મિથ્યાત્વ નાશ પામે. રત્નનો દીપક નિર્મળ છે માટે ત્યાં મલિનતા નથી. માટીના કોડીયામાં (પાત્રમાં) કરેલો તેલનો દીપક પ્રકાશ તો કરે છે પણ ધૂમાડા આંખોને અને મેશ શરીરને ખરાબ કરે છે. કષાયરૂપી તેલના કારણે અશુભ વિચારો રૂપી ધૂમાડો અને કલુષિત (મેલા) ભાવો ધારે છે.

પરદ્રવ્યના સંબંધવાળી, રાગ-દ્વેષ યુક્ત એવી કલ્પનાઓ, અસ્થિરતા એટલે કે મનનું પરદ્રવ્ય પ્રત્યે ભટકવું તે "સંકલ્પ" કહેવાય છે અને વારંવાર તેનું સ્મરણ કરવું તેના ઉપાયો વિચારવા તે વિકલ્પ કહેવાય છે.

જેમ ધૂમાડા દીવાલને કાળી કરે છે અને આંખોને બાળે છે તેમ આ સંકલ્પ-વિકલ્પ આત્માનો કાળો (અશુદ્ધ) કરે છે અને મનની દુઃખી કરે છે માટે તેને ધૂમાડાની ઉપમા આપી છે. જેમાંથી જરા પણ ધૂમાડા નીકળતા નથી તેવો રત્નનો દીપક જો મળતો હોય તો ધૂમાડાવાળો કોડીયાનો દીપક કોઈ ન રાખે. તેવી જ રીતે જે મહાત્મા પુરુષના હૃદયમાં આત્માના શુદ્ધસ્વરૂપની સાચી ઓળખાણના દીવા રૂપ સ્થિરતાનો દીપક પ્રગટ્યો છે તે મહાત્મા પુરુષને સંકલ્પ અને વિકલ્પરૂપી ધૂમાડાવાળા દીપક સંભવતા નથી.

મનમાં માત્ર જ્ઞાનનો પરિણામ ચાલતો હોય તો મન સ્થિર થઈ જાય પણ મોહજન્ય પરિણામ 'પર' વસ્તુની ચિંતાથી થાય એટલે તે ચંચળ બને. મોહનો પરિણામ એ આત્માના પરિણામ રૂપે નથી. આત્મા અને આત્માનો પરિણામ કદી જુદા થઈ શકતા નથી. નહીં તો સિદ્ધમાં પણ આત્મા, જ્ઞાનના પરિણામ વિનાનો બની જશે. મોહનો પરિણામ એ કર્મકૃત પરિણામ છે માટે આત્મા ધારે તો તેને જુદા કરી શકે.

જ્યાં મોહ પોષાયો ત્યાં ધમાલ શરૂ થઈ. જીવોને પરની ચિંતા રૂપ સંકલ્પ જાગ્યો એટલે વિકલ્પો આવ્યા. મોહજન્ય પરિણામથી કોઈ વસ્તુની એકવાર વિચારણા કરવી તે સંકલ્પ અને વારંવાર વિચારણા કરવી તે વિકલ્પ અને તેની હારમાળા ચાલે તે આર્તધ્યાન, તેથી દીનતા આવે, પ્રસન્નતા જાય. મેળવવાનો સંકલ્પ કર્યો તે ન મળે ત્યાં સુધી તેની પ્રાપ્તિ માટેના ઉપાયોની હારમાળા ચાલે, આપણા માટે આશ્રવરૂપી ધૂમાડો એટલેકે કર્મનો આશ્રવ ચાલુ જ છે. કર્મની આવવાના ૪૨ બારી - બારણા (૪૨ પ્રકારના આશ્રવો) ખુલ્લા રહે છે.

દીપક –

રત્નનો ઝગારામારતો → સ્થિર છે. → ધુમાડો નહિ → નિર્મળ મન → માત્ર મોક્ષનો સંકલ્પ → મારે ચિંતવ નથી → ધર્મ ધ્યાન શુક્લ ધ્યાન

- રત્નનો ઝગારામારતો | મિથ્યાત્વ નહિ
- માત્ર મોક્ષનો સંકલ્પ | (ગળસુતમાલ)
- મારે ચિંતવ નથી | મોહ નથી

કોડિયું → અસ્થિર છે. → કષાય રૂપી તેલથી વિચારો રૂપી ધુમાડા (મેલા ભાવો) → મલીન સરળ મન → સંસારી ભાવનો સંકલ્પ → (કોઈ સંકલ્પ અને) સંકલ્પ વિકલ્પો → આર્ત ધ્યાન રૌદ્ર ધ્યાન

- કોડિયું | મિથ્યાત્વનો અંધકાર
- સંકલ્પરૂપ દીપક
- સંસારી ભાવનો સંકલ્પ | દા.ત. મારે શ્રીમંત થવું છે | કર્મના આશ્રવો ના દ્વાર ખુલ્લા કર્યા.
- સંકલ્પ વિકલ્પો | સારું-ખોટું, રાગ-દ્વેષ, ક્રોધ-માન, માયા-લોભ કરવા જ પડે.

વિચારણા : દીવડો - ૯

સ્થિરતા અષ્ટક: શ્લોક-૭

ઉદીરયિષ્યસિ સ્વાન્તાદ્, અસ્થૈર્યં પવનં યદિ
સમાધેર્ધર્મમેઘસ્ય, ઘટાં વિઘટયિષ્યસિ

શ્લોકાર્થ:
જો તું તારા હૃદયમાંથી અસ્થિરતા રૂપી પવન ઉત્પન્ન કરીશ તો પ્રાપ્ત થયેલી સમાધિરૂપી ધર્મની મેઘઘટાનો તું વિનાશ કરીશ.

ભાવાર્થ:
અસ્થિરતા રૂપી પવન એ સમાધિ નામના ધર્મમેઘની ઘટાને વિખેરી (destroy) નાંખે છે.
જેમ આકાશમાં ચારેબાજુ કાળા વાદળો (મેઘઘટા) છવાયા હોય, હમણાં જ વરસાદ તૂટી પડશે એવી પરિસ્થિતિ સર્જાઈ હોય, વિજળીના ચમકારા દેખાતા હોય, દોડતા વાદળોના ગડગડાટ સંભળાતા હોય. એવામાં જોરદાર પવન ફૂંકાય અને મેઘઘટા વિખેરાઈ જાય અને થોડા સમયમાં આકાશ ચોક્ખું થઈ જાય છે. ખેડૂતોની વરસાદ તૂટી પડવાની આશા ભાંગીને ભુક્કો થઈ જાય છે. પવન ફૂંકાવાથી બધી બાજી બદલાઈ જાય છે.
અસ્થિરતા એ પવન જેવી છે. ઘણી મહેનતે પ્રાપ્ત થયેલી સમાધિની નાશક છે. પરપદાર્થોમાં ગમો-અણગમો કરાવતી માનસિક અસ્થિરતા મોટભાગે સંકલ્પ-વિકલ્પ કરાવવા દ્વારા ચિત્તને ડામાડોળ કરે છે. પરપદાર્થો નાશ પામનારા જ છે માટે સાવધાન રહેવા જેવું છે. અરણિક મુનિનું દૃષ્ટાંત.

**શંકા:** સમાધિ ખંડિત થાય તેવા સંજોગો ઉભા થાય તો સમાધિ ટકાવવા શું કરવું?
ધર્મના સિદ્ધાંતોમાં બાંધ-છોડ થાય?

**સમાધાન:** કોઈ-બે ઉદાહરણોથી આ પ્રશ્ન સમજશો.

- સાધુ માટે કહેવાય છે કે રાત્રે અંધારામાં ૧૦૦ ડગલાથી આગળ ન જવાય. હવે દૂરના ઉપાશ્રયમાં ત્યાં સાધુ બિમાર હોય તો બધા કામ પડતા મૂકીને સાધુ વિહાર કરીને જઈ શકે.
- બિમાર સાધુ હોસ્પીટલની રૂમમાં હોય. ગરમી સહન ન કરી શકતા હોય... સર્જરીના સણકો પીડા ઉત્પન્ન થઈ હોય તો પંખો ચલાવવો પડે... જેથી સમાધિ ખંડિત ન થાય.
- ભગવાન ત્રિશલા માતાના ગર્ભમાં હતા. પગ હલાવવાનું બંધ કર્યું... માતાને દુઃખ થયું... અવધિજ્ઞાનથી ભગવાને જાણ્યું... પગ હલાવવાનું શરૂ કર્યું... માતાના આનંદનો પાર ન રહ્યો...
  ભગવાન વિચારે છે: હજુ તો મારો જન્મ પણ થયો નથી અને માતાને મારા માટે આટલો પ્રેમ છે. તો હું સંસાર ત્યાગ કરીશ તો માતા દુઃખી થઈ જશે.
  અભિગ્રહ લીધો: માતા-પિતા જીવિત હશે ત્યાં સુધી દીક્ષા નહિ લઉં.
  દીક્ષા કરતા માતા-પિતાની મનની સમાધિ મહત્વની લાગી.

આવા અનિવાર્ય સંજોગોમાં, મનની સમાધિ ટકાવવા માટે સાધુને છૂટ લેવી પડે તો આગળ જતાં તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત જરૂર લે.

સ્થિરતા અષ્ટક: શ્લોક-૮

ચારિત્રં સ્થિરતારૂપમતઃ સિદ્ધેષ્વપીષ્યતે
યતન્તાં યતયોઽવશ્યં, અસ્યા એવ પ્રસિદ્ધયે

__શ્લોકાર્થ:__
યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે આથી સિદ્ધોમાં પણ ચારિત્ર કહ્યું છે માટે યતિઓએ સ્થિરતાની પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.

__ભાવાર્થ:__
સર્વ સંયોગોથી રહિત અર્થાત્ કર્મ, કષાય અને કાયાના સર્વ સંગોથી રહિત સિદ્ધાત્માઓમાં સ્થિરતારૂપ ચારિત્ર હોય છે. સર્વજ્ઞ કથિત યથાર્થ તત્ત્વનો બોધ તે જ્ઞાન, સર્વજ્ઞએ કહેલા (કથિત) યથાર્થ તત્ત્વનો સ્વીકાર તે સમ્યગ્દર્શન અને તત્ત્વને અનુભવવું તે ચારિત્ર. સાધુને 'યતિ' પણ કહેવાય. આત્મામાં રહેલા ચારિત્રરૂપી ગુણને અનુભવવા પ્રયત્ન કરે તે યતિ નામને સાર્થક કરે. આથી પોતાના સ્વભાવને અનુભવવો એ જ ચારિત્ર છે.
ભગવતીજી નામના પાંચમા અંગમાં (આગમમાં) જોકે સિદ્ધપરમાત્માઓને ચારિત્રનો અભાવ કહેલો છે. પરંતુ તે ચારિત્રપાલનની ક્રિયા કરવાના ચારિત્રને આશ્રયી (અનુલક્ષીને) ચારિત્રનો અભાવ કહેલો છે. સાધુજીવનમાં વિહાર કરવો, લોચ કરવો, ૪૨ દોષ રહિત ગોચરી લેવી, વસ્ત્રાદિનું પડિલેહણ કરવું, આવું ક્રિયારૂપ ચારિત્ર સિદ્ધ ભગવંતોને સંભવતું નથી.

કારણ કે સિધ્ધોને મન-વચન અને કાયાના યોગ નથી. પરંતુ આરંભાદિનો સર્વથા ત્યાગ કરીને અંતરાત્મભાવમાં અતિશય સ્થિર થઈ ગયું તે સ્થિરતારૂપ જે આત્માનો સ્વભાવ હોવાથી સિધ્ધપરમાત્માને પણ અવશ્ય હોય જ છે.

કેવળીને યોગ છે, તે કારણે બંધ છે. યોગ રૂપ આશ્રવ છે. સર્વ સંવરરૂપ ચારિત્ર તો ૧૪ મા ગુણસ્થાને છે. આવું ચારિત્ર સિધ્ધ પરમાત્માને છે. "સર્વ સંવર" એટલે બધા કર્મોનો સંવર (અટકવું) થઈ ગયો કહેવાય. આપણને જે શરીર મળ્યું છે તે અશરીરી બનવાની સાધના માટે મળ્યું છે.
વૈક્રિય શરીર ગમે તેટલું પવિત્ર હોય પણ તે શરીરથી મોક્ષ થતો નથી. આથી ઊલટું ઔદારિક શરીર (જે આપણને મળ્યું છે.) ગમે તેટલી અશુચિવાળું હોય તો પણ તે શરીરથી જ મોક્ષ મળે. અનંત લબ્ધિઓ પણ આ શરીર દ્વારા જ પ્રાપ્ત થાય છે. સિધ્ધચક્રમાં જે ૪૮ લબ્ધિઓ આવે છે તે બધી જ લબ્ધિઓ તપ થી ઉત્પન્ન થાય છે. તપ કરવા માટે ઔદારિક શરીર જ જોઈએ.
ઘણા લોકો એમ વિચારે કે આવતા ભવમાં દીક્ષા લઈશું. સ્તવનમાં આવે છે ને ... "આવતો ભવ એવો આપજો..." પણ આ ભવમાં કાંઈ કર્યું નહિ અને આવતા ભવના ગીતો ગાઈએ છીએ ... આ ક્યાંથી બને? આપણે પુરુષાર્થ કરવો નથી એટલે કહીએ કે શું કરીએ? દીક્ષા તો લેવી છે પણ ચારિત્ર મોહનીય કર્મનો એવો ઉદય ચાલે છે કે દીક્ષા નથી લઈ શકાતી. આ બધા બહાના છે.

પુદ્ગલના ભાવોમાં તો મોહના ઉદયને કારણે આ જીવ ભવોભવ લયલીન થતો જ આવ્યો છે. સ્વભાવદશાનું

ભાન ભૂલેલા જીવને દુઃખ જ આપે છે. સાંસારિક સુખ પણ ક્ષણિકતાવાળું, પરાધીનતાવાળું, વિનાશ પામવાના સ્વભાવવાળું, વિયોગકાળે અતિશય દુઃખકારક જ છે. તેથી સ્વભાવદશાની અને તેના સુખની તુલના (સરખામણી) ક્યાંય થાય તેમ નથી. એ જ અવિનાશી, નિરુપાધિક અને સ્વાધીન સુખ છે. તેના માટેનો પ્રયત્ન કરવો એ જ માનવજીવનની સાર્થકતા છે.

<u>શંકા:</u> સ્થિરતા પામવા શું કરવું? તેની પ્રાપ્તિનો ક્રમ છે?

<u>સમાધાન:</u> જરૂર છે. સૌ પ્રથમ દર્શનમોહનીયની ત્રણ (મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય) અને અનંતાનુબંધી ચાર કષાય (અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ) આ સાત "દર્શનસપ્તક"ની પ્રકૃતિઓનો ક્ષય કરવા દ્વારા નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને શ્રદ્ધાની સ્થિરતા કરવી જોઈએ તે કરીને સમ્યગ્જ્ઞાનાત્મક શુદ્ધ આત્મ-સ્વરૂપમાં જ વિશ્રાન્તિ કરવા સ્વરૂપે એકાગ્રતા પ્રાપ્ત કરવા રૂપ સ્થિરતા મેળવવી જોઈએ. તે મેળવીને પોતાના આત્માના જ સમસ્ત ગુણો અને પર્યાયોનું પોતપોતાના કાર્યમાં પ્રવર્તન કરવારૂપ સ્થિરતા પ્રગટ કરીને પોતાના આત્માને પરદ્રવ્યોથી સર્વથા નિઃસંગ બનાવીને આત્માના શુદ્ધ એવા અનંત ગુણોમાં જ રમવું, તેમાં જ જામી જવું. આવી સ્થિરતા આ જીવે મેળવવાની છે. સ્થિરતાની પ્રાપ્તિનો આ જ સાચો ક્રમ છે.